Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
www.researchguru.net
Volume-14, Issue-1, June-2020

# મહાભારતનો ગુજરાતી સાહિત્ય પર પ્રભાવ

**રાઠોડ અરૂણાબેન જે.**
પીએચ.ડી. રીસર્ચ સ્કોલર, મો. ૭૪૦૫૩૦૪૫૧૦

**ભૂમિકાઃ**

મહાભારત, રામાયણ અને શ્રીમદભગવતગીતા જેવા ગ્રંથો સૌ પ્રથમ સંસ્કૃત તથા અપભ્રંશ ભાષાઓમાં લખાયા. સાહિત્યકારો અને લેખકો માટે આ ગ્રંથો પ્રેરણાશ્રોત સમાન બન્યા. મહાભારત અને રામાયણ જેવા ગ્રંથોએ ભારતીય જનજીવન પર ઊંડી અસર જન્માવી છે. એટલા માટે તે મૌખિક પરંપરાઓ પણ મહાભારત અને રામાયણ સાથે જોડાયેલી છે.

**ગુજરાતી સાહિત્ય પર મહાભારતઃ**

મધ્યકાળમાં સોળમી સદીમાં કવિ નાકરે ગુજરાતીમાં સૌ પ્રથમ મહાભારતના નવ પર્વોનું અનુવાદ કર્યુ હતું. પરંતુ તે પહેલા પંદરમી સદીમાં ભાલણે ગુજરાતી ભાષાની ઓળખાણ કરાવી નળાખ્યાન લખીને ગુજરાતીમાં પ્રથમ મહાભારત પર આધારિત મૌખિક આખ્યાનની રચના કરી. ત્યારબાદ મહાભારતના અલગ અલગ પર્વોના આધારે કવિઓએ ઘણી બધી રચનાઓ લખી. ઓગણીસમી સદીનાં મધ્યભાગથી ગુજરાતી સાહિત્યનાં આધુનિકયુગની શરૂઆત થઈ અને પ્રાચીન સાહિત્યનો પ્રભાવ આપણા સાહિત્ય પર પડવા લાગ્યો.

મહાભારત અને રામાયણના પ્રસંગોથી આજના સમાજજીવનમાં આ પ્રસંગો બોધ બની વ્યક્ત થાય છે. આધુનિક ગુજરાતી સાહિત્યમાં મહાભારતના પ્રસંગનો આધાર લઈ મણીશંકર રત્નજી ભટ્ટ 'કાન્ત' એ પોતાના પ્રસિદ્ધ ખંડકાવ્ય 'વસંતવિજય'ની રચના કરી. આ કાવ્ય ૧૮૯૦માં પ્રકાશિત થયું હતું. આ રચનાથી આધુનિક ખંડકાવ્યનો ઉદભવ થયો.

**ગુજરાતી નવલકથાઓ પર મહાભારતનો પ્રભાવઃ**

કૃષ્ણાવતાર એ ક. મા. મુનશી દ્વારા લખાયેલી સાત નવલકથાઓની શ્રેણી છે. આઠમી નવલકથા પ્રગટ થઈ ન હતી. આ શ્રેણી ભગવાન કૃષ્ણના જીવન અને મહાકાવ્ય મહાભારત પર આધારિત છે.

'કૃષ્ણાવતાર'માં કંસ વધ સાથે પૂરા થતા એમના જીવનના પ્રથમ ખંડને મોહક વાંસળી શીર્ષક આપ્યું છે. કૃષ્ણાનું બળ પણ વાંસળી સાથે સંકળાયેલું છે. બીજો ખંડ રુકમણી - હરણ સાથે સમાપ્ત થાય છે. તેને 'સમ્રાટનો પ્રકોપ' શીર્ષક આપવામાં આવ્યું છે. જ્યારે ત્રીજો ખંડ પાંચ પાંડવોનું શીર્ષક છે. જેમાં દ્રૌપદી સ્વયંવર સાથે પૂરો થાય છે. ચોથો ખંડ 'ભીમનું કથાનક' જેમાં શ્રીકૃષ્ણના માર્ગદર્શન નીચે ભીમ અને અન્ય પાંડવો પાંડવપ્રસ્થ પ્રતિ પ્રયાણ કરે છે. પાંચમો ખંડ 'સત્યભામાનું કથાનક' જેમાં સત્યભામાના શ્રીકૃષ્ણ સાથેના લગ્ન અને તેમના જીવન સાથે સંકળાયેલ બાબતો છે. છઠ્ઠો ખંડ 'મહામુનિ વ્યાસનું કથાનક' અને સાતમો ખંડ – 'યુધિષ્ઠિરનું કથાનક' જેમાં પાંચ પાંડવો બાર વર્ષ સુધીના અરણ્યવાસ માટે હસ્તિનાપુરનો

ત્યાગ કરે છે અને આઠમા ખંડમાં 'કુરુક્ષેત્રનું કથાનક' છે.

કરસનદાસ માણેક રચિત 'મહાભારતકથા'માં મહાભારતનું વર્ણન કરવામાં આવ્યું છે. આ કથામાં મત્સ્યગંધાને મહાભારતની આદ્યજનની ગણવામાં આવી છે. બ્રહ્મર્ષિ વસિષ્ઠ પાસે એક ગાય હતી. સુરભિ એનુ નામ. એ ગાયનું દુધ પીએ, તે અજર અમર થાય એવી લોકવાયકાનું વર્ણન કરવામાં આવ્યું છે. અંબિકા (અંબાલીકા, અંબા) ધૃતરાષ્ટ્ર અને પાંડુની માતા જ્યારે ગાંધારી ગાંધારરાજ સુબલના પુત્રી હતા. ઉપરાંત અર્જુન, નકુલ, ભીમ, સહદેવ અને યુધિષ્ઠિર કોના પુત્ર છે. તેનું વર્ણન પણ કરવામાં આવ્યું છે. પાંડવોના વનવાસ ઉપરાંત મહાભારતના યુદ્ધની કથાનું પણ વર્ણન કરવામાં આવ્યું છે.

પન્નાલાલ પટેલે મહાભારત તથા રામાયણનાં આધારે વાર્તાઓ અને નવલકથાઓની રચના કરી છે. જેમાં મહાભારત પર આધારિત નવલકથા 'પાર્થને કહો ચડાવે બાણ' જે પાંચ ભાગમાં છે. પહેલાં ભાગમાં દુર્વાસાનાં આગમનથી લાક્ષાગૃહ સુધીનું વર્ણન કરવામાં આવ્યું. જ્યારે બીજા ભાગમાં વિલાપો-આનંદથી હરણ અને સંવરણ સુધીનું વર્ણન કરવામાં આવ્યું છે. ચોથા ભાગમાં કર્ણે કવચ અને કુંડળ ખોયા ત્યારથી લઈને પાંડવોના જવાબ અને વ્યાસ મુનિના આશિર્વાદ સુધીનું વર્ણન છે. પાંચમા ભાગમાં યુદ્ધભૂમિ પરની ઘટનાના વર્ણનથી પાંડવોનું ગંગાતટે સુધીનું વર્ણન કરવામાં આવ્યું છે.

**સમાપનઃ**

જય એ મહાભારત ગ્રંથનું બીજું નામ છે. यतो धर्मस्ततो जय એ મહાભારતનો સંદેશ છે. જય ની સાચી વ્યાખ્યા આ ગ્રંથ દ્વારા વ્યાસજીએ આપી છે. આમ, મહાભારત વ્યાસજી લખાવતા જાય અને ગણપતિ લખતા જાય.

આમ, મહાભારતની અસર આપણા ગુજરાતી સાહિત્ય પર ઘણી જોવા મળે છે. મહાભારતના આધારે ગુજરાતી સાહિત્યમાં ઘણીબધી વાર્તાઓ અને નવલકથાઓ લખાય છે. જેની અસર માનવજીવન પર પડી છે અને મહાભારતને સમજવા માટે આ વાર્તાઓ અને નવલકથાઓ ઘણી ઉપયોગી બની છે.

## સંદર્ભસૂચિ


- કનૈયાલાલ માણેકલાલ મુનશી, 'કૃષ્ણાવતાર', (ભાગ-૧ થી ૭) ગૂર્જર પ્રકાશન, અમદાવાદ.
- કરસનદાસ માણેક, 'મહાભારતકથા' (ભાગ-૧ થી ૩) નવભારત સાહિત્ય મંદિર, અમદાવાદ.
- પન્નાલાલ પટેલ, 'પાર્થને કહો ચડાવે બાણ' (ભાગ-૧ થી ૫) સાધના પ્રકાશન, અમદાવાદ.
- પન્નાલાલ પટેલ, 'શ્રીકૃષ્ણ જીવનલીલા' (ભાગ-૧ થી ૫) સાધના પ્રકાશન, અમદાવાદ.